# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં.૧૧૪ તા.૩૦-૦૧-૨૦૨૦**

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :- ઉચ્ચ પ્રાથમિક (ધો.૬ થી ૮) શાળાઓના વિદ્યાર્થીઓ માટે 'પુસ્તક વાચક સ્પર્ધા' તથા ટેલિકોન્ફરન્સ નિહાળવા બાબત .**

**સંદર્ભ :- ૧. પત્રક્રમાંક : એસએસએ/ પીએન્ડ એમઓ/૩/૨૦૨૦/૫૬૪૦-૫૭૧૩ તા.૨૯-૦૧-૨૦૨૦**
**૨. પત્રક્રમાંક : એસએસએ/ પીએન્ડ એમઓ/૩/૨૦૨૦/૫૮૭૫-૫૯૫૦ તા.૩૦-૦૧-૨૦૨૦**

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય તથા સંદર્ભ પરત્વે જણાવવાનું કે, માનવ સંસાધન, વિકાસ મંત્રાલય-ભારત સરકાર દ્વારા શાળા શિક્ષણ માટેની સંકલિત યોજના 'સમગ્ર શિક્ષા' શરૂ કરવામાં આવેલ છે. સર્વ શિક્ષા અભિયાન(એસએસએ), રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન(આરએમએસએ) અને ટીચર એજયુકેશનની કેન્દ્રીય પ્રાયોજીત યોજનાઓના એકત્રિકરણથી સમગ્ર શિક્ષા અમલમાં આવ્યું છે. ૪ થી ૧૮ વર્ષ સુધીના તમામ બાળકોને સમાવેશી અને સમાન ગુણવત્તાવાળું શિક્ષણ પુરૂ પાડવું તે સમગ્ર શિક્ષાનો ધ્યેય છે. સમગ્ર શિક્ષાના વિવિધ ઉદ્દેશોની આપૂર્તિ માટે શાળા પુસ્તકાલય અને તેના અસરકારક ઉપયોગ પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે. જેના ભાગરૂપે શાળા પુસ્તકાલયને સમૃદ્ધ બનાવવા માટે ગત વર્ષે કેન્દ્ર સરકાર દ્વારા ફાળવવામાં આવેલ ગ્રાન્ટમાંથી કેન્દ્ર સરકારની માર્ગદર્શિકા મુજબ રાજયની તમામ સરકારી પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક શાળાઓના પુસ્તકાલય માટે નેશનલ બુક ટ્રસ્ટ(એન.બી.ટી.)ના પુસ્તકો પૂરા પાડવામાં આવેલ છે.

વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાં વાચનનું મહત્વ ખૂબ જ છે. નેશનલ એચીવમેન્ટ સર્વે ૨૦૧૭ના તારણ મુજબ ''જે વિદ્યાર્થીઓ શાળા પુસ્તકાલયના પુસ્તકોનો વાચન મહાવરો ધરાવે છે, તે વિદ્યાર્થીઓનું શિક્ષણનું સ્તર ઉચ્ચ છે.'' પાઠ્યસામગ્રીના વાચન મહાવરા સાથે શરૂઆતથી જ વિદ્યાર્થીઓ પુસ્તકાલયના પુસ્તકો, સંદર્ભ સાહિત્ય, વર્તમાનપત્ર, સામાયિકો, સાહિત્ય સમજપૂર્વક વાંચે તે મહત્વનું છે. વિદ્યાર્થીઓમાં અર્થગ્રહણયુકત વાચન કૌશલ્ય કેળવાય તો જ તમામ વિષયોનું પ્રત્યાયન સંભવ બને. આ લક્ષ્યાંકની આપૂર્તિ માટે સહઅભ્યાસિક પ્રવૃત્તિનું આયોજન આવશ્યક છે.

ઉપરોકત બાબતોને ધ્યાને લઈ રાજયની તમામ સરકારી ઉચ્ચ પ્રાથમિક (ધો.૬ થી ૮) શાળાઓના વિદ્યાર્થીઓ માટે **જે-તે ધોરણના વર્ગથી રાજય કક્ષા સુધી 'પુસ્તક વાચક સ્પર્ધા' યોજવા,** તેમજ સ્પર્ધાના ભાગરૂપે આ શાળાના દર્શાવેલ **ધોરણના વર્ગમાં તા.૧-૨-૨૦૨૦ થી ૭-૨-૨૦૨૦ દરમ્યાન 'પુસ્તક વાચન સપ્તાહ'** યોજવા નિયત કરવામાં આવેલ છે.

આપની શાળામાં 'પુસ્તક વાચન સપ્તાહ' અને 'પુસ્તક વાચક સ્પર્ધા' આ સાથે સામેલ માર્ગદર્શિકા અનુસાર જે-તે કક્ષાએ નિર્ધારિત કરેલ સમયગાળામાં યોજાય તે માટે અસરકારક અમલીકરણ કરવા જણાવવામાં આવે છે.

- **'પુસ્તક વાચક સ્પર્ધા' અંતર્ગત બાયસેગ ટેલિકોન્ફરન્સ** : તમામ શાળાના મુખ્ય શિક્ષક, શિક્ષકો તથા યુ.આર.સી. કો.ઓર્ડિનેટર તથા સી.આર.સી.કો.ઓર્ડિનેટરએ તા.૧-૨-૨૦૨૦ના રોજ સવારે ૧૦-૦૦ થી ૧૧-૦૦ કલાક દરમ્યાન યોજાનાર પુસ્તક વાચક સ્પર્ધા તથા આનુષાગિક વિષયો ઉપરની ટેલિકોન્ફરન્સ ફરજિયાત નિહાળવાની રહેશે.આ ટેલિકોન્ફરન્સમાં માન.શિક્ષણમંત્રીશ્રી, માન.સચિવશ્રી, પ્રાથમિક શિક્ષણ તથા માન.સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી પ્રેરણાત્મક માર્ગદર્શન આપનાર છે.

બિડાણ :- ૧. માર્ગદર્શિકા
૨. ટેલિકોન્ફરન્સ પત્ર

તા.૩૦-૦૧-૨૦૨૦

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

## –: 'પુસ્તક વાચક સ્પર્ધા' માટેની માર્ગદર્શિકા :–

**'પુસ્તક વાચક સ્પર્ધા'ના હેતુઓ :**

વિદ્યાર્થીઓ....

- વાચન રસ કેળવે,
- સમજપૂર્વક વાચન કરે,
- નિયમિત વાચક બને,
- વર્તમાનપત્ર અને સામયિક વાંચતા થાય,
- વાંચનને અંતે જરૂરી નોંધ લખતા થાય.....

ઉપરોક્ત બાબતોને ધ્યાને લઈ રાજયની તમામ સરકારી ઉચ્ચ પ્રાથમિક(ધો.૬–૮) શાળાઓ તેમજ સરકારી / આર.એમ.એસ.એ./મોડેલ/મોડેલ ડે માધ્યમિક(ધો.૯) અને ઉચ્ચતર માધ્યમિક(ધો.૧૧) શાળાઓમાં અભ્યાસ કરતા વધુને વધુ બાળકો પુસ્તકાલયનો અસરકારક ઉપયોગ કરતા થાય, બાળકોમાં વાચન પ્રત્યે ઉત્સાહ વધે, બાળકો પોતે વાંચેલ પુસ્તક વિશે અન્યો સમક્ષ રજુઆત કરતા થાય, બાળકો પુસ્તક સમીક્ષાથી શરૂ કરી ભવિષ્યમાં મોટાભાગની બાબતોના યથાર્થ વાચક બને તે માટે જે–તે ધોરણના વર્ગથી શરૂ કરી શાળા–ક્લસ્ટર–બ્લોક–ડીસ્ટ્રીકટ અને સ્ટેટ લેવલે 'પુસ્તક વાચક સ્પર્ધા' તેમજ 'પુસ્તક વાચક સ્પર્ધા'ના ભાગરૂપે આ શાળાઓના દર્શાવેલ ધોરણના વર્ગમાં તા.૧/૨/૨૦૨૦ થી તા.૭/૨/૨૦૨૦ દરમિયાન 'પુસ્તક વાચન સપ્તાહ'નું આયોજન કરવામાં આવેલ છે. જેમાં દરેક સ્તરની સ્પર્ધામાં બાળકોએ વર્ષ દરમિયાન પુસ્તકાલયના પુસ્તકોના કરેલ વાચનને ચકાસવા દરેક સ્તરે બાળકો પાસે તેઓએ વાંચેલા પુસ્તકો પૈકીના પુસ્તકની સંક્ષિપ્ત રજૂઆતને ધ્યાને લઈ મૂલ્યાંકન કરવા જણાવવામાં આવે છે.

### : પુસ્તક વાચક સ્પર્ધા :

રાજયની ધો.૬, ૭, ૮, ૯ અને ૧૧ ધરાવતી તમામ સરકારી/આર.એમ.એસ.એ./મોડેલ/મોડેલ ડે શાળાઓમાં 'પુસ્તક વાચક સ્પર્ધા'નું આયોજન,

- દરેક સ્તરની સ્પર્ધામાં બાળકો તેઓની **રજૂઆત મૌલિક રીતે અથવા તેમણે કાગળમાં લખેલુ વાંચીને** પણ કરી શકે છે.
- **રજૂઆતનો સમય :** બાળકદીઠ મહત્તમ ૧૦ મિનિટ

**જે–તે ધોરણના વર્ગ(કલાસ)માં 'પુસ્તક વાચન સપ્તાહ' અને સ્પર્ધા :**

- તા.૦૧/૨/૨૦૨૦ થી તા.૦૭/૨/૨૦૨૦ દરમિયાન પુસ્તક વાચન સપ્તાહ અને તા.૦૭/૨/૨૦૨૦ના રોજ સ્પર્ધા
- સૌ પ્રથમ જે–તે ધોરણના વર્ગ(કલાસ)માં અભ્યાસ કરતા તમામ બાળકો પાસે વર્ગશિક્ષકે પુસ્તક સમીક્ષા કરાવવી,
- બાળકોની રજૂઆતને આધારે પ્રથમ, બીજા અને ત્રીજા ક્રમના વિજેતા નકકી કરવા

**શાળા કક્ષા :**

- તા.૦૮/૨/૨૦૨૦, શનિવારના દિવસે
- ધોરણવાર જે–તે વર્ગમાં વિજેતા થયેલ વિદ્યાર્થીઓની શાળા સમક્ષ ધોરણવાર સ્પર્ધા(શાળાની એકમ કસોટી બાદ)
- શાળા કક્ષાની સ્પર્ધામાં ધોરણવાર એક(૧) વિજેતા
- વિજેતા નકકી કરવા ૩ નિર્ણાયકોની સમિતિ,
  જેમાં, (૧) જે–તે શાળાના મુખ્યશિક્ષક/આચાર્ય, (૨) જે–તે શાળાના કોઈ એક શિક્ષક, (૩) શાળાની એસએમસીના શિક્ષણવિદ/જે–તે ગામ કે વિસ્તારના સક્ષમ નિવૃત્ત શિક્ષક

**કલસ્ટર કક્ષા :**

- તા.૧૫/૨/૨૦૨૦, શનિવારના દિવસે
- રાજયના તમામ કલસ્ટર ખાતે જે–તે કલસ્ટરમાં સમાવિષ્ટ તમામ શાળાઓમાં શાળા કક્ષાની સ્પર્ધામાં ધોરણવાર વિજેતા થયેલ તમામ બાળકો માટેની ધોરણવાર સ્પર્ધા
- કલસ્ટર કક્ષાની સ્પર્ધામાં ધોરણવાર એક(૧) વિજેતા
- આ રીતે ઓછામાં ઓછા ૩ અને મહત્તમ ૫ વિજેતા બનશે
- વિજેતા નકકી કરવા ૩ નિર્ણાયકોની સમિતિ
  જેમાં, (૧) સરકારી માધ્યમિક/ઉ.મા. શાળાના આચાર્યશ્રી, (૨) એવોર્ડ વિજેતા શિક્ષકશ્રી, (૩) સબંધિત બીટ કેળવણી નિરીક્ષકશ્રી(શિક્ષણ)/સીઆરસી કો.ઓર્ડિનેટરશ્રી

બ્લોક(બીઆરસી) કક્ષા :

- તા.૨૨/૨/૨૦૨૦, શનિવારના દિવસે
- જે–તે બ્લોકમાં સમાવિષ્ટ તમામ કલસ્ટરમાં કલસ્ટર કક્ષાની સ્પર્ધામાં ધોરણવાર વિજેતા થયેલ તમામ બાળકો માટેની ધોરણવાર સ્પર્ધા
- બ્લોક કક્ષાની સ્પર્ધામાં ધોરણવાર એક(૧) વિજેતા
- આ રીતે મહત્તમ ૫ વિજેતા બનશે
- વિજેતા નકકી કરવા ૩ નિર્ણાયકોની સમિતિ
  જેમાં, (૧)તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, (૨)ડાયટના સબંધિત લાયઝન વ્યાખ્યાતાશ્રી, (૩)સબંધિત બીઆરસી કો.ઓર્ડિનેટરશ્રી

જિલ્લા કક્ષા :

- તા.૨૯/૨/૨૦૨૦, શનિવારના દિવસે
- જે–તે જિલ્લામાં સમાવિષ્ટ તમામ બ્લોકમાં તાલુકા કક્ષાની સ્પર્ધામાં ધોરણવાર વિજેતા થયેલ તમામ બાળકો માટેની ધોરણવાર સ્પર્ધા
- જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ધોરણવાર એક(૧) વિજેતા
- આ રીતે મહત્તમ ૫ વિજેતા બનશે
- વિજેતા નકકી કરવા ૪ નિર્ણાયકોની સમિતિ
  જેમાં, (૧)ડાયટના ગ્રંથપાલશ્રી, (૨)ડાયટ લેકચરરશ્રી, (૩)એવોર્ડ વિજેતા શિક્ષકશ્રી, (૪)કેળવણી/સાહિત્યકારશ્રી

રાજય કક્ષા :

- તા.૦૭/૩/૨૦૨૦, શનિવારના દિવસે
- રાજયના તમામ જિલ્લામાં જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ધોરણવાર વિજેતા થયેલ તમામ બાળકો માટેની ધોરણવાર સ્પર્ધા
- રાજય કક્ષાની સ્પર્ધામાં ધોરણવાર એક(૧) વિજેતા
- આ રીતે મહત્તમ ૫ વિજેતા બનશે
- વિજેતા નકકી કરવા ૩ નિર્ણાયકોની સમિતિ

ઉપરોકત દર્શાવ્યા મુજબ 'પુસ્તક વાચક સ્પર્ધા'ના આયોજન સંલગ્ન નીચેની બાબતો ધ્યાને લેવા વિનંતી છે.

- ➢ 'પુસ્તક વાચક સ્પર્ધા'માં શાળા કક્ષાથી લઈ રાજય કક્ષા સુધી વિજેતા બનેલ વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામ તરીકે વિજેતાદીઠ ક્રમશઃ રૂ.૧૦૦(શાળા કક્ષા), રૂ.૨૦૦(કલસ્ટર કક્ષા), રૂ.૩૦૦(બ્લોક કક્ષા), રૂ.૪૦૦(જિલ્લા કક્ષા) અને રૂ.૫૦૦(રાજય કક્ષા)ની બુક ફેર કૂપન આપવામાં આવશે.
- ➢ દરેક સ્તરે વિજેતા બનેલ વિદ્યાર્થીઓની પ્રમાણભૂત માહિતી જે–તે સ્તરના જવાબદાર અધિકારીશ્રી/કર્મચારીશ્રીના સહી–સિકકા સાથે સ્પર્ધા પૂર્ણ થયાના બે(૨) દિવસમાં જે–તે સ્તરના ઉપલા સ્તરે એકત્રિત કરી દરેક જિલ્લા/કોર્પોરેશને એકંદર માહિતી અત્રેની કચેરીને મોકલી આપવાની રહેશે.
- ➢ વિજેતાને પ્રોત્સાહક ઈનામ તરીકે આપવામાં આવનાર બુક ફેર કૂપનનો ઉપયોગ જે–તે કૂપનધારક વિજેતા વિદ્યાર્થી જિલ્લા કક્ષાએ યોજાનાર બુક ફેરમાંથી તેટલી રકમના પુસ્તકો વસાવવા કરી શકશે.
- ➢ જિલ્લા કક્ષાએ યોજાનાર બુક ફેર અંગે અત્રેથી અલગથી પત્ર ધ્વારા જાણ કરવામાં આવશે.

સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત કાઉન્સિલ ઓફ સ્કૂલ એજ્યુકેશન
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રીની કચેરી,
સમગ્ર શિક્ષા, સેક્ટર–૧૭, ગાંધીનગર.
ફોન નં. ૦૭૯–૨૩૨ ૩૪૯૩૯
email : ssamstatett@gmail.com

**પત્રક્રમાંક : એસએસએ/P&Mo/૩/૨૦૨૦/૫૮૭૫-૫૮૫૦** **તા. ૩૦/૧/૨૦૨૦**

**પ્રતિ,**
**જિલ્લા શિક્ષણાધિકારીશ્રી**
**જિલ્લા :** તમામ.

**પ્રતિ,**
**જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટર અને**
**જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી**
**જિલ્લા :** તમામ.
**શાસનાધિકારીશ્રી :** અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા.

**વિષય : 'પુસ્તક વાચક સ્પર્ધા' અંતર્ગત તા.૦૧/૨/૨૦૨૦ના રોજ યોજનાર ટેલિકોન્ફરન્સ બાબત.**
**સંદર્ભ : માન.સચિવશ્રી, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ, શિક્ષણ વિભાગની નોંધ પર મળેલ મંજુરી**

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, રાજયની તમામ સરકારી ઉચ્ચ પ્રાથમિક(ધો.૬–૮) શાળાઓ તેમજ સરકારી / ગ્રાન્ટેડ / આર.એમ.એસ.એ. / મોડેલ / મોડેલ ડે માધ્યમિક (ધો.૯) અને ઉચ્ચતર માધ્યમિક (ધો.૧૧) શાળાઓના વિદ્યાર્થીઓ માટે જે–તે ધોરણના વર્ગથી રાજય કક્ષા સુધી **'પુસ્તક વાચક સ્પર્ધા'** યોજવા, તેમજ તે અંતર્ગત તા.૧/૨/૨૦૨૦ થી તા.૭/૨/૨૦૨૦ સુધી 'પુસ્તક વાચન સપ્તાહ' ઉજવવાનું નિયત કરવામાં આવેલ છે.

ઉપરોક્ત દર્શાવ્યા મુજબ નિયત થયેલ જે–તે ધોરણના વર્ગથી રાજય કક્ષા સુધી **'પુસ્તક વાચક સ્પર્ધા'** યોજવા માટે સંલગ્ન તમામને માર્ગદર્શન માટે તા.૦૧/૨/૨૦૨૦ના રોજ સવારે ૧૦:૦૦ થી ૧૧:૦૦ કલાક દરમિયાન બાયસેગ સ્ટુડીયોના સહયોગથી ટેલિકોન્ફરન્સના માધ્યમથી જરૂરી માર્ગદર્શન આપવામાં આવનાર છે. આ ઉપરાંત આ ટેલિકોન્ફરન્સ દરમિયાન ફીટ ઈન્ડીયા, એક ભારત–શ્રેષ્ઠ ભારત, પર્યાવરણ પ્રયોગશાળા, ગુજરાત પોષણ અભિયાન ૨૦૨૦–૨૨ અંગે પણ માર્ગદર્શન આપવામાં આવનાર છે.

**તા.૦૧/૨/૨૦૨૦ના રોજ યોજાનાર ટેલિકોન્ફરન્સમાં માન.શિક્ષણમંત્રીશ્રી, માન.શિક્ષણસચિવશ્રી તેમજ માન.સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી સંલગ્ન તમામને પ્રેરણાત્મક માર્ગદર્શન આપનાર છે.**

ઉપરોક્ત બાબતોને ધ્યાને લઈ આપના તાબા હેઠળની તમામ સરકારી ઉચ્ચ પ્રાથમિક(ધો.૬–૮) શાળાઓ તેમજ સરકારી/ગ્રાન્ટેડ/આર.એમ.એસ.એ./મોડેલ/મોડેલ ડે માધ્યમિક(ધો.૯) અને ઉચ્ચતર માધ્યમિક(ધો.૧૧) શાળાઓના સંલગ્ન તમામ શિક્ષકો, મુખ્ય શિક્ષકો, સીઆરસી કો.ઓ., બીઆરસી કો.ઓ. અને સબંધિત કર્મચારીશ્રીઓને તા.૦૧/૨/૨૦૨૦ના રોજ સવારે ૧૦:૦૦ થી ૧૧:૦૦ કલાક દરમિયાન બાયસેગ સ્ટુડીયોના સહયોગથી યોજાનાર ટેલિકોન્ફરન્સમાં અચૂક ઉપસ્થિત રહી પ્રેરણા અને માર્ગદર્શન મેળવવા માટેની જરૂરી સુચના આપવા જણાવવામાં આવે છે.

**સચિવ અને ઓઆઈસી પી એન્ડ એમ(ટીટી)**
**એસપીઓ, સમગ્ર શિક્ષા, ગાંધીનગર.**

**નકલ સવિનય રવાના :**
– માન.સચિવશ્રી, પ્રા.શિ. અને મા.શિ., શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

**નકલ સવિનય રવાના :**
– માન.એસપીડીશ્રી, સદર કચેરી.
– માન.એએસપીડીશ્રી, સદર કચેરી.
– માન.નિયામકશ્રી–પ્રાથમિક શિક્ષણ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
– માન.નિયામકશ્રી–જી.સી.ઈ.આર.ટી., સેક્ટર–૧૨, ગાંધીનગર.

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં.૧૧૪-A તા.૩૦-૦૧-૨૦૨૦**

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- DIKSHA સંદર્ભેના સંશોધન માટે શાળા મુલાકાત માટે મંજૂરી આપવા બાબત .

સંદર્ભ :- જીસીઈઆરટી/DIKSHA/૨૦૨૦/૨૨૭૧-૭૪ તા.૨૯-૦૧-૨૦૨૦

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય તથા સંદર્ભ પરત્વે જણાવવાનું કે, સેન્ટ્રલ સ્કવેર ફાઉન્ડેશન(CSF) તરફથી DIKSHA પોર્ટલ તેમજ રાજયમાં અમલીકૃત QR Code આધારિત પાઠ્યપુસ્તકો (ETB) અન્વયે રાષ્ટ્રીય કક્ષાએ એક સંશોધન કરવા જઈ રહ્યા છે. જેમાં ગુજરાતની અમદાવાદ તેમજ વડોદરા જિલ્લાની કેટલીક શાળાઓ સંશોધન નમૂનારૂપે પસંદ કરવામાં આવેલ છે. આ શાળાઓની યાદી આ સાથે બિડાણમાં સામેલ કરવામાં આવેલ છે. આ શાળાઓમાં સેન્ટ્રલ સ્કવેર ફાઉન્ડેશનના ટીમના સભ્યો દ્વારા મુલાકાત લઈ તેમના શિક્ષકો સાથે યાદી મુજબની શાળાઓમાં મુલાકાત અર્થે આવશે. તો આવનાર ટીમને યોગ્ય સાથ સહકાર આપવા જણાવવામાં આવે છે.

બિડાણ :- શાળાઓની યાદી

તા.૩૦-૦૧-૨૦૨૦

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

| State | District | Udise_Code | Principal's Name | School Address | Sample |
|---|---|---|---|---|---|
| Gujarat | Ahmedabad | 70702115 | Hemantbhai ratilal vaghhela | Dholka mukhay kanya sala 4mahalxmi mandini pachhal | Yes |
| Gujarat | Ahmedabad | 71202113 | Amita patel | Amdu pura Naroda rod | Yes |
| Gujarat | Ahmedabad | 71200213 | Rekhaben chinubhai modi | Hindini pol pase | Yes |
| Gujarat | Ahmedabad | 71202727 | Jagdishbhai | Nobal nagar Shala no.3 | Yes |
| Gujarat | Ahmedabad | 71200413 | Vijaybhai | Shahpur Gujarati Shala 15 | Yes |
| Gujarat | Ahmedabad | 70501640 | Jalaludin s vahora | Sankalitnagar primary school 2 | Yes |
| Gujarat | Ahmedabad | 71200305 | Nimeshbhai g vaghela | Chandoda prathamik school no -1, maniyr petrol pupm in bhiar | Yes |
| Gujarat | Ahmedabad | 71204339 | Arjunkumar modhhiya | Narol chhokadi m c c benkpse ahamdabad | Yes |
| Gujarat | Ahmedabad | 71201104 | Vijayshing | Sardar Patel coloni sarkal, | Yes |
| Gujarat | Ahmedabad | 71201508 | Zahurunnisha I momin | Shahpur urdu | Yes |
| Gujarat | Ahmedabad | 71203403 | Shrikrishna rajjanlal varma | Viratnagar | Yes |
| Gujarat | Ahmedabad | 70407748 | Dharti vyas | Kumar Shaka 1 | Yes |
| Gujarat | Ahmedabad | 71201610 | Vinita k bhardwaj | Ramapir mandir | Yes |
| Gujarat | Ahmedabad | 71202601 | Mules Kumar r patel | Thhkarbapa gurati pa.sala thhakarbapa nagar ahambdabad | Yes |
| Gujarat | Ahmedabad | 71204205 | Bharatkumar d viramgami | Vinzol-2 | Yes |
| Gujarat | Ahmedabad | 71202701 | Visabhai | Naroda patiya saranagar Gujarati shala no 1 | Yes |
| Gujarat | Ahmedabad | 70501631 | Dipakkumar | Vejalpur pani in taki | Yes |
| Gujarat | Ahmedabad | 71202438 | Bachuji Pujaji | Underbridge | Yes |
| Gujarat | Ahmedabad | 71202624 | Shrikrishna rajjanlal varma | Purshotamnagar | Yes |
| Gujarat | Ahmedabad | 71201101 | Daxsaben | Naranpura relve krosh | Yes |
| Gujarat | Ahmedabad | 71200623 | Shabbir hussen shaikh | Jamalpur urdu shala | Yes |
| Gujarat | Ahmedabad | 70307101 | Ã‡hauhan janakbhai | Cekhwada | Yes |
| Gujarat | Ahmedabad | 71202109 | Sandipkumar B Barot | Saraspur prathmik sala | Yes |
| Gujarat | Ahmedabad | 71202010 | Upendrabhai | Giradharnagar | Yes |
| Gujarat | Ahmedabad | 71203807 | Mehulbhai soni | Gitamandir mahargam tranrasta | Yes |
| Gujarat | Ahmedabad | 71202014 | Patel mahendrakumar | India coloni | Yes |
| Gujarat | Ahmedabad | 71202002 | Babubhai .s. Prajapati | On Nagar ralvey korosing pass | Yes |
| Gujarat | Ahmedabad | 71203705 | Nitaben m patel | Multi Medan mninagar | Yes |
| Gujarat | Ahmedabad | 71200608 | Shobhana | Boravar chok,5pipali,Aastodiya road | Yes |
| Gujarat | Ahmedabad | 71201913 | Kailashben | Near said baba temple | Yes |
| Gujarat | Ahmedabad | 71203102 | Nareshbhai kalabhai chavda | Utam deri | Yes |
| Gujarat | Ahmedabad | 71203136 | Tariqhussain shaikh | Sundarnagar urdu shala2 | Buffer |
| Gujarat | Ahmedabad | 70501727 | Minaben ramanlal trivedi | Anand park | Buffer |
| Gujarat | Ahmedabad | 71204138 | Chandrikaben Patel | Hatkeswar cercal | Buffer |
| Gujarat | Ahmedabad | 70501727 | Meenaben | Vidhyanagar prathmik shala,adinathnqgar | Buffer |
| Gujarat | Ahmedabad | 71203105 | Maheshbhai | Simaran road,rajapur | Buffer |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Gujarat | Ahmedabad | 70501119 | Prakashchand k rami | Ranip-3 | Buffer |
| Gujarat | Ahmedabad | 71202725 | Vimalbhai | Naroda muthiya nobalnagar Gujarati 1 | Buffer |
| Gujarat | Ahmedabad | 70704601 | Baldev jala | Mafalipur | Buffer |
| Gujarat | Ahmedabad | 70609305 | D.k trivedi | Rajivnagar tekro | Buffer |
| Gujarat | Ahmedabad | 70407709 | Gunvatlal S Thakkar | Kolat | Buffer |
| Gujarat | Ahmedabad | 71200838 | Ketanbhai | Vastrapur makarpura delve main road vajalpur | Buffer |
| Gujarat | Ahmedabad | 70100601 | Kalidas | Mandal | Buffer |
| Gujarat | Ahmedabad | 71203136 | Tariqhussain m shaikh | Maniyar trailar | Buffer |
| Gujarat | Ahmedabad | 71203911 | Birjuben | Jamalpur char rasta | Buffer |
| Gujarat | Ahmedabad | 71201807 | Ranchhodbhai panchal | Troma center | Buffer |
| Gujarat | Ahmedabad | 71200509 | Haribhai thakkr u | Jamalpur | Buffer |
| Gujarat | Ahmedabad | 71202303 | Ashok modi | Kuber Nagar Hindi shala 1 dissent colony bhargav roud | Buffer |
| Gujarat | Ahmedabad | 71202730 | Shekhabhai yadav | Naroda | Buffer |
| Gujarat | Ahmedabad | 70500411 | Bharatkumar | Prerna thirth | Buffer |
| Gujarat | Ahmedabad | 71201307 | Rinaben ghdhvi | Nva vadaj vyash vadi sreenath eapartment same Gujarati shala | Buffer |
| Gujarat | Ahmedabad | 71202113 | Amitaben patel | Kalupur pula chhede naroda road , Amdupura Gujarati school | Buffer |
| Gujarat | Ahmedabad | 71202103 | Shaileshkumar patel | Balbhvn pache saraspur | Buffer |
| Gujarat | Ahmedabad | 71201938 | Bhartiben saheb | Asarwa | Buffer |
| Gujarat | Ahmedabad | 71201903 | Manishkumar | Aasarva chakla shook no -4 | Buffer |
| Gujarat | Ahmedabad | 71204001 | Bujibhai I sanghariyat | Kanubhai ni chali | Buffer |
| Gujarat | Ahmedabad | 71203806 | Nishaben joshi | Kakariya 8 | Buffer |
| Gujarat | Ahmedabad | 71203704 | Vijayaben | Gajanad bilding | Buffer |
| Gujarat | Ahmedabad | 71203903 | Deepika jayntilal ajmeri | Police chowki | Buffer |
| Gujarat | Ahmedabad | 71201701 | Subhasbhai | Dariyakhan gumat pase | Buffer |
| Gujarat | Ahmedabad | 70407715 | Nayanaben | Taluka pachayat pase | Buffer |
| Gujarat | Ahmedabad | 71203117 | Javed m.sekha | Gomatipur char rasta, Marathi school | Buffer |
| Gujarat | Ahmedabad | 71202223 | Satypal r yadav | Sarspur 6 | Buffer |
| Gujarat | Ahmedabad | 70501030 | Visakhaben I patel | Gita apartment same bal Krushna mandir pase | Buffer |
| Gujarat | Ahmedabad | 70501029 | Sanket Kumar jani | Rto sarkal | Buffer |
| Gujarat | Ahmedabad | 71101608 | Ashokbhai | Dolera road mota hanuman mandir | Buffer |
| Gujarat | Ahmedabad | 71202355 | Santoshbhai | Rajaji sarkal kuber nagar | Buffer |
| Gujarat | Ahmedabad | 71102001 | Hitesh bhai dodiya | Girls shala,dhandhuka | Buffer |
| Gujarat | Ahmedabad | 71201624 | Samirkumar b patel | Ramapir tekra | Buffer |
| Gujarat | Ahmedabad | 71203901 | Dr.Ravindra | Brirala high school | Buffer |
| Gujarat | Ahmedabad | 71200904 | Diptiben v panya | Her a bag krosing klayn jvelar pachl aambavadi | Buffer |